35

ISSN 2250-3064

# HAiM-PRAPA

Vol. 6, February 2015

A search Jou al of
D. rtment of Sa krit and Bharatiyavidya
H handracharya North Gujarat University
Pa (Gujarat)



# અનુક્રમણિકા


| અ.નં. શોધપત્રનો વિષય | સંશોધકનું નામ | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. हेमचंद्राचार्य का व्याकरणिक अवदान | डॉ. रीटा एच. पारेख | ૧ |
| ૨. સિદ્ધહેમશબ્દાનુશાસનનું વૈશિષ્ટ્ય અને પ્રભાવ | ડૉ. મહાકાન્ત જે. જોશી | ૭ |
| ૩. हेमचंद्रचार्य की साहित्यसेवा | डॉ. ललित एस. पटेल | ૧૪ |
| ૪. ધ્વનિ સંપ્રદાયમાં હેમચંદ્રાચાર્યનું પ્રદાન | પ્રા. નિરવકુમાર આર. કંસારા | ૧૯ |
| ૫. કાવ્યાનુશાસનમાં નિરૂપિત નાયિકાના સાત્ત્વિક અલંકારો | ડૉ. નિલ્પાબેન. કે. પટેલ | ૨૭ |
| ૬. હેમચંદ્રાચાર્યની શૃંગાર મીમાંસા | પ્રા. અજમલ એસ. ગામી | ૩૬ |
| ૭. આચાર્ય મમ્મટ અને હેમચંદ્રની કાવ્યવિભાવના | જશુબેન એમ. પરમાર | ૪૫ |
| ૮. હેમચન્દ્રનું કાવ્ય પ્રયોજન : તુલનાત્મક અધ્યયન | રાવલ પંકજકુમાર રસિકલાલ | ૫૧ |
| ૯. હેમચંદ્રાચાર્યનાં પૌરાણિક દૃષ્ટાંતો - યોગશાસ્ત્રનાં સંદર્ભમાં | ડૉ. સી. બી. રાઠવા | ૫૯ |
| ૧૦. દમયંતી-એક ભારતીય આદર્શ સન્નારી (નલવિલાસ નાટકના સંદર્ભમાં) | ડૉ. બી. જી. પટેલ | ૬૪ |
| ૧૧. દ્વિજવદનચપેટા - એક અધ્યયન | પ્રો. દેવસિંહ રાઠવા<br>પ્રા. રૂમલીબેન રાઠવા | ૭૨ |
| ૧૨. 'દેશીનામમાલા'માં શૃંગારગાથાઓ : એક સામાજિક દૃષ્ટિ | ડૉ. સમીર કે. પ્રજાપતિ | ૭૬ |
| ૧૩. હેમચંદ્રાચાર્ય વિરચિતં '(લઘુ) અર્હન્નીતિ'માં વ્યવહાર વિધિ | ડૉ. સુરેખા કે. પટેલ | ૮૬ |
| ૧૪. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત (પર્વ-૧) અને પદ્માનંદ મહાકાવ્ય : તુલનાત્મક સમીક્ષા | મનીષા પી. શાહ | ૧૦૨ |

# હેમચંદ્રાચાર્ય વિરચિત '(લઘુ) અર્હન્નીતિ'માં વ્યવહાર વિધિ

ડૉ. સુરેખા કે. પટેલ *

ગુણવંતી ગૂર્જરભૂમિના સાર્વત્રિક ગૌરવમાં ઉમેરો કરનાર ભારતીય પ્રજાના કરકમળમાં અપૂર્વ અને વિશાળ સાહિત્યનો વારસો અર્પી જનાર અને પોતાની વિશ્વતોમુખી પ્રતિભાથી ભારતભૂમિને સમગ્ર વિશ્વમાં અમર કરનાર, શ્રીકલિકાલસર્વજ્ઞનું ઉત્તમ બિરૂદ ધરાવનાર, શાસન-પ્રભાવક મહામુનિ શ્રીમદ્દહેમચંદ્રાચાર્યથી કોણ અપરિચિત છે ?

ક્ષિતિજના ઓવારે પ્રગટેલા સહસ્ત્રરશ્મિના તેજબિંબમાંથી ફૂટતાં કિરણો એક સાથે જન અને વન એમ સર્વને, સર્વદિશાએથી અજવાળે છે, તે જ રીતે કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રજીના વિર પ્રતિભા પુંજમાંથી પ્રગટતી તેજ સરવાણીઓએ સમકાલીન પ્રજાજીવનનાં સર્વ અંગોને પ્રકાશિત કર્યાં છે. તેમને જ્યોતિર્ધર કહેવા કે યુગપ્રવર્તક ગણવા ? મહાસમર્થ સારસ્વત કહેવા કે જીવન-કલાધર કહેવા ? સમન્વય દષ્ટિ ધરાવતા મહાન આચાર્ય ગણવા કે પછી ગુજરાતી પ્રજાની સૂતેલી અસ્મિતાને જગાડનારા લોકનાયક કહેવા ? સોક્રેટિસ, પ્લેટો અને કન્ફ્યુસીયસ જેવા મહાન જ્ઞાનીઓની હરોળમાં ટકી શકે તેવા આચાર્ય હેમચંદ્રની કુશાગ્ર કલમે સાહિત્યનો કોઇપણ વિષય ખેડાયા વિનાનો રહ્યો નથી. તેમની કાવ્યસૃષ્ટિ વૈવિધ્યપૂર્ણ અને વિસ્મયજનક છે. તેમની સર્વગ્રાહી બુધ્ધિશક્તિ વ્યાકરણ, છંદ, અલંકાર, કોશ, પુરાણ, ઇતિહાસ, યોગ, સ્તુતિ, સ્તોત્ર, પ્રમાણશાસ્ત્ર, નીતિશાસ્ત્ર આદિ વિવિધ વિષયોમાં ફરીવળી છે. તેઓએ તેમના સમયમાં પ્રવર્તિત તમામ વિદ્યાશાખામાં આધારભૂત ગ્રંથો લેખલા છે.

આચાર્ય હેમચંદ્રે નીતિ વિષયક '(લઘુ) અર્હન્નીતિ' નામના ગ્રંથની રચના કરી છે. જો કે આ ગ્રંથ ઉપર ઘણું ઓછું કામ થયું છે. પરિણામે, અન્ય ગ્રંથોની તુલનામાં આ ગ્રંથ અલ્પ પરિચિત રહેવા પામ્યો છે. 'લઘુઅર્હન્નીતિ' નામ ઉપરથી જ 'બૃહદ્દર્હન્નીતિ' ગ્રંથ હોવાની સંભાવના જણાય છે. એટલે લઘુ અને બૃહદ્અર્હન્નીતિ એવા બે ગ્રંથો તેમણે રચ્યા હોવાની સંભાવના છે. જો કે વર્તમાનકાળે

**HAIM-PRAPA** : A Research Journal of the Department of Sanskrit & Bharatiyavidya Bhavan, Hemchandrachary North Gujarat University, Patan. Vol. VI. 2016. P. 86-101

* સંસ્કૃત વિભાગ : જી.ડી.મોદી કોલેજ ઓફ આર્ટ્સ, પાલનપુર (બી.કે.)